# પ્રેમભાવથી દેશ બન્યો છે : પ્રિયંકા

**અડાલજ ખાતે કોંગ્રેસનો મેગા-શો : જનસંકલ્પ રેલીમાં રાહુલ, પ્રિયંકા, ગુલાબનબી આઝાદ, ખડગે, પરેશ ધાનાણી, હાર્દિક પટેલ, અમિત ચાવડા સહિતના નેતાઓનું સંબોધન : અનિલ અંબાણી કાગળનું વિમાન પણ નથી બનાવી શકતા : અમે મસૂદ અઝહરને પકડ્યો, તમે તેને પાકિસ્તાન મુકી આવ્યા : મોદી સરકારે ઉદ્યોગપતિઓનું દેવુ માફ કર્યું પણ ખેડુતોનું નહીં : વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવે તો પૂછજો કે ૧૫ લાખ ક્યારે મળશે : આ ચૂંટણીમાં નરેન્દ્ર મોદી અને નફરતની હાર થશે : વાયુસેનાના ખિસ્સામાંથી ૩૦,૦૦૦ કરોડ ચોરી અનિલ અંબાણીના ખિસ્સામાં નાંખ્યા છે**

ગાંધીનગર, તા. ૧૨

કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીએ ગુજરાતમાં લોકસભા ચૂંટણીના પ્રચારનો પ્રારંભ કરી ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે આકરા પ્રહારો કર્યા હતા. ગુજરાતમાં પ્રથમવાર આવેલા પ્રિયંકા ગાંધીએ પણ મોદી સામે શબ્દોનો હુમલો કરી લોકોને પ્રેમ અને સદભાવનો સંદેશ આપ્યો હતો. ગાંધીનગરના અડાલજ પાસે રેલીને સંબોધન કરતાં રાહુલ ગાંધીએ કેન્દ્રની એનડીએ સરકારની ઝાટકણી કાઢી હતી. મોદી સરકારની નીતિઓ અંગે અનેક સવાલો ઉઠાવી કોંગ્રેસ નફરતની નહીં પ્રેમની સરકાર લાવવા માગે છે તેવું વચન આપ્યું છે.





જનસંકલ્પ રેલીમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે ઉદ્યોગપતિ અનિલ અંબાણી કાગળનું વિમાન પણ બનાવી શકે તેમ નથી છતાં તેમને રફાલ યુદ્ધ વિમાનનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. મોદી સરકાર ખેડૂતો વિરોધી હોવાનો આરોપ મૂકી કહ્યું કે કોંગ્રેસની સરકારોએ બે દિવસમાં ખેડૂતોના દેવાં માફ કર્યા છે જ્યારે મોદી સરકારે દેશના ૧૫ ઉદ્યોગપતિઓના દેવાં માફ કર્યા છે.

રાહુલે નોટબંધી અને જીએસટી અંગે મોદી સરકારને ભિડવાનો પ્રયાસ કર્યો હતો અને કહ્યું હતું કે બન્ને નિર્ણયોમાં લોકોની સહમતી ન હતી. નોટબંધી થી મોદીએ સામાન્ય લોકોને પરેશાન કર્યા છે જ્યારે અણધાર્યા જીએસટી કાયદાના કારણે વેપારીઓની હાલત ખરાબ કરી છે.

ભારતની સલામતી અંગે રાહુલે કહ્યું કે પુલવામા આતંકી હુમલામાં સંડોવાયેલા મસુદ અઝહરને કોંગ્રેસની સરકારે પકડ્યો હતો પરંતુ ભાજપની સરકારે તેને કંદહારમાં છોડી દીધો હતો અને આજે તે ભારતને ભારે પડે છે. ભાજપ બે હિન્દુસ્તાન બનાવવા માગે છે જ્યારે અમે ગાંધીજીનું હિન્દુસ્તાન બનાવવા માગીએ છીએ.

રાહુલ ગાંધીએ કહ્યું કે મને દુખ થાય છે કે, ગુજરાત સરકાર ખેડૂતોનું વ્યાજ માફ કરી શકતી નથી. ૨૦૧૯માં અમારી સરકાર બનશે તો અમે જીએસટીને રિફોર્મ કરીને એક ટેકસનું જીએસટી આપીશું. રાહુલે સવાલ ઉભો કરી કહ્યું કે મોદી રોજગારી અને ખેડૂતોના દેવાં અંગે મૌન છે. તેઓ પ્રત્યેક સ્ટેજ પરથી દેશભક્તિની વાતો કરે છે. મોદીએ તો ખેડૂતોનું બોનસ છીનવ્યું છે. તેઓ કહેતા હતા કે મને વડાપ્રધાન બનાવો. મને ચોરીદાર બનાવો. હું તમારૂં રક્ષણ કરીશ પરંતુ તેમણે કોનું રક્ષણ કર્યું છે તે દેશ સામે છે.

રાહુલ ગાંધીએ સભામાં મોડા આવવા બદલ લોકોની માફી માગી હતી અને કહ્યું હતું કે વર્ષો પછી કોંગ્રેસની વર્કિંગ કમિટીની બેઠક ગુજરાતમાં મળી છે તેનું મને

● અનુસંધાન પાન-૭ પર

## પ્રિયંકા સૌરાષ્ટ્રમાં ચૂંટણી સભા કરશે, કોંગ્રેસની રેલીમાં ભારત માતા કી જય

ગાંધીનગર, તા.૧૨

કોંગ્રેસના મહિલા નેતા અને ગાંધી પરિવારના સભ્ય પ્રિયંકા ગાંધી વાડ્રા ગુજરાતમાં પહેલી વાર આવ્યા છે અને હવે તેઓ લોકસભાની ચૂંટણીમાં પ્રચાર માટે સૌરાષ્ટ્ર આવે તેવી સંભાવના છે. કોંગ્રેસના એક ટોચના નેતાએ આ સંકેત આપીને કહ્યું હતું કે ગુજરાતમાં પ્રિયંકાની ત્રણ સભાઓ યોજવામાં આવશે.

કોંગ્રેસની રેલીમાં પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે કહ્યું હતું કે આઝાદીની લડાઈમાં આપણું સૂત્ર ભારત માતા કી જય હતું જે ભાજપે ઝૂંટવી લીધું છે. આપણે પણ આ સભાના અંતે ભારત માતા કી જય બોલીએ અને આપણું સૂત્ર પાછું મેળવીએ. શક્તિસિંહે આ સૂત્રનો નારો લગાવ્યો હતો અને પબ્લિકમાંથી તેને પ્રચંડ સમર્થન પણ મળ્યું હતું. શક્તિસિંહે આ રેલીનું સંચાલન કર્યું હતું અને તેમણે કહ્યું હતું કે દેશનો ચોકીદાર ચોર છે. આ ચોરને આપણે દૂર કરવાનો છે.

પાટીદાર અનામત આંદોલન સમિતિના નેતા હાર્દિક પટેલે રેલી બાદ મિડીયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે હું જામનગરથી ચૂંટણી લડવા માગતો હતો પરંતુ કોંગ્રેસ પાર્ટી મને જે બેઠક આપશે તે બેઠક પરથી હું ચૂંટણી લડીશ અને જીતીને લોકસભામાં જઈશ.

## પ્રથમવાર ગાંધી કુટુંબના સભ્યો એકસાથે રહ્યા.....

ગાંધીનગર, તા. ૧૨

અમદાવાદમાં આઝાદીની લડાઈ વખતે મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત સાબરમતી આશ્રમમાં કદાજ આ પહેલો પ્રસંગ હશે કે ગાંધી પરિવારના ૩ સભ્યો સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી અને તેમની સાથે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે એક સાથે મુલાકાત લઈને આશ્રમમાં પ્રાર્થના સભામાં હાજરી આપી હતી. સામાન્ય રીતે સોનિયા ગાંધી તેમના પતિ રાજીવ ગાંધી વડાપ્રધાન હતા ત્યારે અથવા કોઈ અન્ય પ્રસંગે સાબરમતી આશ્રમની મુલાકાતે આવ્યા હશે પરંતુ આજની જેમ ગાંધી પરિવારના તમામ ત્રણ સભ્યો એક સાથે ગાંધીજીના શરણે પહોંચ્યા હોય તેવું પહેલી વાર બન્યું છે. કોંગ્રેસની કારોબારી શરૂ થાય તે પહેલા કોંગ્રેસની નેતાઓએ આશ્રમમાં જઈને મહાત્મા ગાંધીના આશીર્વાદ મળવ્યાં હતા. ગાંધી પરિવારની હાજરી નોંધનીય બની રહી હતી.

## 'પ્રિયંકા જિન્દાબાદ - તુમ આગે બઢો'ના જોરદાર નારા લાગ્યા

ગાંધીનગર, તા. ૧૨

કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ પ્રિયંકા ગાંધીની સ્ટેજ પર હાજરીને લઈ અડાલજ ત્રિમંદિર ખાતે ઉમટેલી લાખોની જનમેદની ભારે ઉત્સાહિત જણાતી હતી. પ્રિયંકા ગાંધી જેવા તેમના સંબોધન માટે ઉભા થયા કે, વિશાળ જનમેદની ઉત્સાહથી ચીચીયારીઓ પાડતી નજરે પડતી હતી. પ્રિયંકા ગાંધીએ પણ તે ગુજરાત પહેલીવાર આવી હોઈ ગુજરાતની જનતા દ્વારા પ્રેમ અને ઉષ્માભર્યા કરેલા સ્વાગત બદલ હૃદયપૂર્વક આભારની લાગણી વ્યકત કરી હતી. એક તબક્કે અતિ વિશાળ મેદાનમાં ઉમટેલી લાખોની જનમેદનીમાં પ્રિયંકા ગાંધીજી જીંદાબાદ, પ્રિયંકા ગાંધીજી જીંદાબાદ, પ્રિયંકાજી તુમ આગે બઢો, હમ તુમ્હારે સાથ હેના જોરદાર ગગનભેદી નારાઓ લાગ્યા હતા.

## જનસંકલ્પ રેલીની સાથે સાથે

- અડાલજ ત્રિમંદિર નજીકના મેદાનમાં યોજાયેલ કોંગ્રેસની જનસંકલ્પ રેલીમાં હાજરી આપવા માટે કોંગ્રેસની શિર્ષસ્થ નેતાગીરી લકઝરી બસમાં સભાના સ્થળે પહોંચી હતી.
- સભાના સ્થળે અલ્પેશ ઠાકોર, હાર્દિક પટેલ અને ભરતસિંહ સોલંકી સાથે આવ્યા હતા.
- પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ નાદુરસ્તીને લઈ ખાસ વાહન દ્વારા સભાના સ્થળે પહોંચ્યા હતા.
- રાજ્યસભાના વિપક્ષી નેતા ગુલામનબી આઝાદ અને લોકસભા કોંગ્રેસ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે ૩ વાગે સભાના સ્થળે પહોંચ્યા હતા.
- ઉપસ્થિત જનમેદનીમાં પાણીના પાઉચ સતત વિતરણ થતા હતા.
- હાર્દિક પટેલ પ્રવચન કરવા ઉભા થયા અને વિધિવત્ ખેસ પહેરાવી રાષ્ટ્રીય પ્રમુખ રાહુલ ગાંધીએ તેમને આવકાર આપ્યો ત્યારે હાર્દિક-હાર્દિકના નારાઓ લાગ્યા હતા.
- જનસંકલ્પ રેલીના સ્થળે ધારાસભ્યો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. જે બધાને રાહુલે હસ્તધૂનન કર્યા હતા.
- જનસકંલ્પ રેલીમાં રાહુલ સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધી અલગ-અલગ પ્રોટોકોલ પ્રમાણે બેઠા હતા.
- જનસંકલ્પ રેલીમાં રાહુલ ગાંધીનું સ્વાગત બળદેવજી ઠાકોર, ડૉ. સી.જે. ચાવડા, સુરેશ પટેલ, નીશિત વ્યાસ, હિમાંશુ પટેલ, મંગુબેન પટેલ (ચૌધરી), કામિનીબા રાઠોડ, સૂર્યસિંહ ડાભી, ડૉ. કૌશિક શાહ, શૈલેન્દ્રસિંહ બિહોલા અને ટીમે જિલ્લા કાર્યકરો વતી કર્યુ હતુ. આ પછી ઉત્તર ગુજરાતના નેતાઓએ તેમનુ સ્વાગત કર્યુ હતુ.
- જનસંકલ્પ રેલીના સ્થળેથી ડઝનેક કાર્યકરોના ખિસા કપાયા હતા.
- જનસંકલ્પ રેલીમાં જવા નીકળેલા પંચાયતના પૂર્વ પ્રમુખ રામાજી ઠાકોર, કાઉન્સીલર જીતુ રાયકા અને કેટલાક કાર્યકરો ટ્રાફિકમાં અટવાઈ જતાં એક કલાકે સભાના સ્થળે પહોંચ્યા હતા.
- પ્રિયંકા ગાંધીએ તેમનો પ્રથમ ગુજરાત પ્રવાસ હોવાનો એકરાર કરી અને સાબરમતી આશ્રમની પ્રાર્થના સભામાં થયેલી અનુભૂતિની વાત લોકોને સ્પર્શી ગઈ હતી. જોકે તેમણે તેમના પ્રવચનમાં ભાજપ કે પ્રધાનમંત્રીના નામોલ્લેખ વગર આકરા પ્રહારો કરી જણાવ્યુ હતુ કે તમારી જાગૃતિ એજ સાચી દેશભક્તિની વાત કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે ચૂંટણી જંગ જાગૃતિ અને ભ્રામકતા વચ્ચે છે.
- જનસંકલ્પ રેલીના સ્થળને પક્ષના ધ્વજથી દિવાલ ઉભી કરી સજાવવામાં આવ્યુ હતું.
- જનસંકલ્પ રેલીને છત્તીસગઢના મુખ્યમંત્રી બઘેલ, રાજસ્થાનના મુખ્યમંત્રી ગેહલોત, રાજ્યસભાના ગુલામનબી આઝાદ, મલિલ્કાર્જુન ખડગે, પૂનિયા, આર.પી.એન.સિંહ, હાર્દિક પટેલ, ભરતસિંહ સોલંકી, પરેશ ધાનાણી, અલ્પેશ ઠાકોર સહિતના નેતાઓએ સંબોધી હતી.
- રાફેલનો મુદ્દો ઉછાળતાં રાહુલે કહ્યુ કે "ચોકીદાર..." ત્યાં જ જનતાએ જવાબ આપ્યો હતો કે "ચોર હૈ"
- રાહુલે તેમના પ્રવચનમાં જીએસટીનો એક દર હશે સમગ્ર દેશ માટે તેની વાત કરી હતી.
- નોટબંધીનો ઉલ્લેખ કરી અને વેપાર-ઉદ્યોગોને થયેલી અસર તેમજ જીએસટીના અમલથી બંધ થયેલા નાના વેપારીઓના નુકશાનની વાત કહી હતી.


### બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી **પી. એલ. અન્નમ** તા.૧૧-૦૩-૨૦૧૯ને સોમવારના રોજ દેવલોક પામ્યાં છે. **સદ્દગતનું બેસણું તા.૧૩-૦૩-૨૦૧૯ને બુધવારના રોજ સાંજે ૪:૩૦ થી ૬:૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : રંગમંચ, સેક્ટર-૨૪, ગાંધીનગર.**

**રાજેશ પી. અન્નમ**
**સુનિલ પી. અન્નમ**
**તન્મય આર. અન્નમ**
**જયશ્રી આર. અન્નમ**
**મનીષા એસ. અન્નમ**
**રીત્વીક એસ. અન્નમ**
**નિહાર એસ. અન્નમ**

### જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ દ્વારા અમો રામસીંગ મણીલાલ ચૌહાણ ઉ.વ. ૫૩, ધર્મ : હિન્દુ, ધંધો : નોકરી / ખેતી, રહે : ૧૩૭, માતાજીનો વાસ, અમરાઈવાડી ગામ, અમરાઈવાડી, અમદાવાદ - ૩૮૦૦૨૬ તા. સીટી, જી. અમદાવાદનાઓ આ જાહેર નોટીસ દ્વારા લખી જણાવીએ છીએ કે તમો પ્રતિ સૌયદ મોઈજુદીન રફીયુદીનને ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર તા. ગાંધીનગરના મોજે ગામ કુડાસણની બ્લોક નં. ૨૨૩ (જુ.સ. નં. ૬૮) વાળી જમીનમાં અમારા વડીલ મંગુબેન તે શનાજી મોતીજીની દીકરીના વારસાઈ હક્કે પોષાતા અમારા હક્કોનો ઉપયોગ / ઉપભોગ કરવા સારુ એક જનરલ કુલમુખત્યારનામુ તા. ૨૮/૯/૨૦૧૫ના રોજ નોટરીશ્રી સુનીલ એ. જૈન રૂબરૂ નં. ૬૯૧/૨૦૧૫થી નોંધાવી કરી આપેલ. હવે સદર કુલમુખત્યાર નામુ આ જાહેર નોટીસ દ્વારા રદબાતલ જાહેર કરીએ છીએ. અને સદરહુ રદ્દીકરણ બાબતે તા. ૨૬/૨/૨૦૧૯ના રોજ જરૂરી ડેકલેરેશન કરી સદરહુ પાવર રદબાતલ જાહેર કરેલ છે. તમોને અમારા કુલમુખત્યાર તરીકે સદરહુ કુડાસણની જમીન અંગે કુલમુખત્યારનામામાં જણાવેલ કામો કરવા નીમેલા હતા. તેમાં બેદકરારી દર્શાવી તમોએ સદરહુ જમીનમાં રહેલા અમારા હિતોને ગંભીર નુકસાન પહોંચાડેલ છે. તેથી તમારા પર અમારો ભરોસો રહ્યો નથી પણ અવિશ્વાસ છે. અમારા કુલમુખત્યાર તરીકે આ નોટીસ તેમજ ડેકલેરેશન કરી સદરહુ કુલમુખત્યારનામુ રદબાતલ જાહેર કરીએ છીએ. અને કુ.મુ. તરીકે છુટા કરીએ છીએ તેથી તમોએ હવે પછી સદરહુ કુલમુખત્યારનામાના આધારે સદરહુ જમીન બાબતે કોઈપણ કેસમાં કોઈ કામગીરી કરવાની નથી તેની આ જાહેર નોટીસથી ચેતવણી આપીએ છીએ. તેની નોંધ લેશોજી.

આજ તા. ૨૬/૨/૨૦૧૯, મધ્યે.........., અમદાવાદ.

**નોટીસ આપનાર** — **અમારી મારફતે**
**સહી/-** — **સહી/-**
**રામસીંગ મણીલાલ ચૌહાણ** — **લિયાકત એ. મલેક એડવોકેટ**

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225


## ગણિતનુ પેપર સરળ પ્રશ્નપત્રમાં ભુલના લીધે વિદ્યાર્થીઓને ૩ ગુણનુ નુકશાન

ગાંધીનગર તા ૧૨

ધો -૧૦ ની બાર્ડ પરીક્ષામાં આજે વિદ્યાર્થીઓએ ગણિતની પરીક્ષા આપી હતી. જિલ્લામાંથી ૩૧૯૧૯ વિદ્યાર્થીઓ પૈકી ૩૧૪૪૧ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં હાજરી આપી હતી. જયારે ૪૭૮ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. ગણિતનુ પેપર એકંદરે સરળ રહ્યુ હતુ. જયારે પ્રશ્નપત્રની ભુલના લીધે વિદ્યાર્થીઓએ ૩ ગુણ ગુમાવા પડે તેમ પણ સ્પષ્ટ થયુ છે.

**ગણિતમાં ૩૪૭ વિદ્યાર્થીઓની હાજરી ઘટી**
**જિલ્લામાં હજુ સુધી એક પણ કોપી કેસ નહીં**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી બોર્ડની પરીક્ષા દરમિયાન આજે વિદ્યાર્થીઓએ ગણિત વિષયની પરીક્ષા આપી હતી.એસ એસ સી બોર્ડની પરીક્ષા દરમિયાન બે રજાના અંતે ગણિત વિષયનુ પેપર વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થયુ હતુ.આ અંગે કિશોર કલાસીસના વિષય નિષ્ણાંત કિશોરસિંહ રાજપુતના જણાંવ્યા મુજબ ગણિતના પેપરમાં ભાગ-૧ માં આકૃતિનુ કુલ ક્ષેત્રફળ શોધવાના એક ગુણના એમ સી ક્યુમા આકૃતિમાં ભુલ છે. જેથી બોર્ડે એક ગુણનો ગ્રેસીંગ આપવો જોઈએ. અન્ય એમ સી ક્યુ સરળ અને પુસ્તક આધારિત હોવાથી વિદ્યાર્થીઓમાં હર્ષની લાગણી વ્યાપી હતી. ભાગ- ૨ માં બધા જ દાખલા બલ્યુ પ્રિન્ટ આધારિત અને પાઠયપુસ્તક આધારિત હોવાથી પેપર સરળ પુરવાર થયુ હતુ. પાર્ટ બી ના વિભાગ એ ના દાખલા નં - ૭ માં રકમમાં ભુલ છે. જયાં ગુણકારની નિશાનીના બદલે બાદબાકીની નિશાની કરી છે. જેથી જવાબ ન મળે અને પરિણામ સાબિત થતુ નથી. જે બે ગુણનો દાખલો હોવાથી વિદ્યાર્થીઓને મુંઝવાયા હતા.

જયારે પ્રશ્નપત્રની ભુલના કારણે વિદ્યાર્થીઓએ ત્રણ ગુણ ગુમાવાનો વારો આવશે. પાર્ટ બી માં બધા દાખલા સરળ અને પાંચ પાઠયપુસ્તકના ઉદાહરણના દાખલા હતા. માત્ર દાખલા નં - ૧૫ જે પ્રકરણ ૧૫ નો ઉદાહરણ ૨ માં રકમ બદલીને પુછાયો હતો. પાર્ટ બી માં વિભાગ ડી માં રચના અને પાયથાગોરસનો પ્રમય ૭.૨ અને ૬.૧ પુછાતા નબળા વિદ્યાર્થીઓને પણ પેપર સરળ લાગ્યુ હતુ. આમ એકંદરે ગણિતના અઘરા પેપરના ભયમાંથી વિદ્યાર્થીઓ મુક્ત થયા અને સરળ પેપરના કારણે સ્કોરીંગમાં પણ વધારો થશે તેમ પણ તેમણે જણાંવ્યુ હતુ.

## સે-૧૧ માં બી એસ એન એલ પાસે નવી ડિઝાઈનનુ પાર્કીંગ તૈયાર કરાશે

### શહેરમાં જટીલ બનતી પાર્કીંગની સમસ્યાને અનુલક્ષી ટુંકમાં નવી ડિઝાઇન મુજબ કામ કરવામાં આવશે

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં પાર્કીંગની સમસ્યા શિરદર્દ સમાન બની છે. તંત્ર દ્વારા વર્ષો પુર્વે નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ પણ બિનઉપયોગી નિવડાયા છે. પાર્કીંગ પ્લેસની ડિઝાઈન પણ પાર્કીંગની જટીલ બનતી સમસ્યા માટે જવાબદાર છે. ત્યારે તંત્ર દ્વારા નવી ડિઝાઈન મુજબ પાર્કીંગ તૈયાર કરવા માટે આયોજન કરાયુ છે. સે-૧૧ માં નવા પાર્કીંગની ડિઝાઈન તૈયાર કરવામાં આવી રહી છે. જયારે આ મુજબ અન્ય ઠેકાણે પણ ટુંકમાં નવી ડિઝાઈનના પાર્કીંગ તૈયાર કરાશે.

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી પાર્કીંગની સમસ્યા પેચીદી બની છે. પાર્કીંગ સમસ્યાના લીધે શહેરમાં ટ્રાફિકનો પ્રશ્ન વધુ જટીલ બન્યો છે. નગરના કોર્મશિયલ કોમ્પલેક્ષો આસપાસ સ્થિત પાર્કીંગ પ્લેસ પર વાહનો પાર્ક થઇ શકે તેવી સ્થિતિ જ નથી. જયારે પાર્કીંગની ડિઝાઈન પણ યોગ્ય ન હોવાના લીધે લાખોના ખર્ચે તૈયાર થયેલા પાર્કીંગ પ્લેસ પર હાલ વાહનો પાર્ક કરવાનુ શિરદર્દ સમાન

● અનુસંધાન પાન-૭ પર


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com